ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



### હાલોલ નગર ખાતે વીજ કંપનીની લાલીયાવાળીથી નાગરિકોના હાલ બેહાલ

## કલાકો સુધી વીજળી ગુલ રહેતા કાળઝાળ ગરમીમાં લોકોને શેકાવાનો વારો આવ્યો

વજકંપનીમાં વારંવાર રૂઆતો કરવા છતાં પરિણામ શૂન્ય

(પ્રતિનિધિ) હાલોલ, તા.13

હાલોલ નગરમાં છાસ વારે વીજળી ગૂલ થતા કાળઝાર ગરમીમાં લોકો અસહ્ય ગરમીમાં શેકાતા તેમજ હેરાન પરેશાન થતા મધ્ય ગુજરાત વીજ કંપની હાલોલ ઓફિસની કામગીરી સામે ફિટકાર વરસાવતા જોવા મળી રહ્યા છે. જ્યારે વીજ ગ્રાહકોના જણાવ્યા અનુસાર આ અંગે વીજ કંપની ખાતે ઉગ્ર રજુઆત કરવા છતાં વીજ કંપનીના અધિકારીઓ નું પેટનું પાણી ન હાલત તેઓ સામે ફિટકાર વરસાવી રહ્યું છે. વીજ કંપની હાલમાં ડીઝીટલ યુગ માં આગળ વધ્યું છે. પણ ફક્ત સ્માર્ટ મીટર લગાવામાં આગળ વધ્યું છે વીજ ગ્રાહક એક દિવસ મોડું લાઈટબીલ ભારે તો લાઈટ ઓટોમેટિક કપાઈ જાય છે .

હાલોલ નગર માં છેલ્લા ઘણા દિવસ થી વીજ કંપની ની નિષ્કાળજી કારણે છાશવારે કલાકો સુધી લાઈટ જતી રહેતા વીજ કંપની ની કામગીરી ને લઈ લોકોમાં વીજ કંપની ના અધિકારીઓ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. એકબાજુ ૪૨ ડિગ્રી કાળઝાર ગરમી થી બચવા માટે લોકો પંખા, કુલર, એસી ના સહારો લેતા હોય છે. તેવા જ સમયે વીજ પુરવઠો ખોરવાઈ જાય છે. જેને લઈ લોકો ત્રાહિમામ પોકારી ઉઠે છે. જ્યારે મંગળવાર ની રાત્રીના સમયે નગર ના મોટાભાગના વિસ્તારોમાં લાઈટ ન હોવાને કારણે રાત્રે મોટી સંખ્યામાં લોકો વીજ કંપની ની ઓફિસે હલ્લાબોલ કર્યો હતો.

જોકે રાત્રે હાલોલ ટાઉન ના કોઈ અધિકારી ઓ રજૂઆત કરવા ગયેલા વીજ ગ્રાહકોને મળ્યા ન હતા તેમ વીજ ગ્રાહકો જણાવી રહ્યા છે. જાણવા મળતી માહિતી મુજબ વર્ષો પહેલા હાલોલ નો વિસ્તાર નાનો હતો. એક બાજુ હાલોલ નો વિકાસ અને આબાદી વધતા પહેલા અંદાજિત ૨૫૦૦૦ જેટલા કનેક્શન હતા હવે ૩૯૦૦૦ જેટલા કનેક્શન થઈ ગયા છે. જેને લઇ વીજ વપરાશ વધ્યો છે. વીજ કંપની ને ફક્ત અવાક જ જોવી છે. સામે ઈન્ફ્રાસ્ટક્ચર તેનું તેજ છે. તેમાં વધારો કરવો જોઈએ કનેક્શન વધતા સ્ટાફ વધારવો જોઈએ થોડાક કર્મચારી ઓ થી કામ ચાલવતા આવેલી ફરિયાદ નો કોઈ જલ્દી નિકાલ થયો નથી. જેવા આક્ષેપો વીજ ગ્રાહકો દ્વારા કરવામાં આવી રહ્યા છે. લોકો ફરિયાદ કરવા ફોન કરે ત્યારે ફોન લગતા નથી લાઈટ બંધ છે. તેવી ફરિયાદ કરવા પણ પાંચ થી છ કિલોમીટર દૂર જાઉં પડે છે. વીજ ગ્રાહકોની માંગ છે.

## દાહોદ પાલિકા પ્રમુખની ચૂંટણી તારીખ 19 ના રોજ યોજાશે

દાહોદ : દાહોદ નગરપાલિકા ચૂંટણી ના તારીખ 28 એપ્રિલના રોજ પરિણામ આવ્યા બાદ કેટલાય દિવસોનો પ્રમુખ ક્યારે બનશે અને કોણ બનશે તેની રાહ જોવાઈ રહી હતી ત્યારે આવનારી તારીખ ૧૯ ના રોજ પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણી યોજાનાર હોવાની માહિતી મળી છે આ વખત 36બેઠકો માંથી ૨૦ બેઠકો ભાજપની જીત થઈ છે અને બોર્ડ ભાજપનું બનાવે અને પ્રમુખ પદના આદિવાસી મહિલા અનામત છે ત્યારે ભાજપ પાસે બે આદિજાતિ મહિલા વિજેતા બનતા આ બે ઉમેદવારમાં જોઈએ તો વોર્ડ નંબર બે ના ભાજપના સદસ્ય અકિતાબેન ભાભોર અને વોર્ટ નંબર ત્રણ ના સદસ્ય મીનાબહેન નીનામાં છે આ બે પૈકી એક મહિલા તરીકે પસંદગી કરાશે તે ચોક્કસ બાબત છે મળતી માહિતી મુજબ પ્રદેશ માવડી મંડળ આ મામલો પોતાને હસ્તક લઈ લીધો છે.

### ઝાલોદમાં વસ્તી ગણતરીના શ્રીગણેશ

## શિક્ષકો અને ગણતરીદારો માટે 6 દિવસીય તાલીમ શિબિરનો પ્રારંભ

(પ્રતિનિધિ) દાહોદ, તા.13

ગુજરાત રાજ્યમાં આગામી સમયમાં યોજાનારી વસ્તી ગણતરીની મહત્ત્વપૂર્ણ કામગીરીને પહોંચી વળવા માટે વહીવટી તંત્ર દ્વારા સજ્જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ રાષ્ટ્રીય કવાયત ના ભાગરૂપે ઝાલોદ તાલુકામાં ગણતરીદારો અને સુપરવાઈઝરોને સજ્જ કરવા માટેની વિશેષ તાલીમ શિબિરનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. ઝાલોદની સાયન્સ કોલેજ અને નગરપાલિકા વિસ્તારમાં ફરજ બજાવનારા ગણતરીદારો માટે તાલુકા કુમાર શાળા ખાતે આ વિશેસેસ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૧ મે થી ૧૬ મે સુધી ચાલનારા આ ૬ દિવસીય સળંગ કાર્યક્રમમાં નિષ્ણાત તજજ્ઞો દ્વારા શિક્ષકો અને અન્ય કર્મચારીઓને વસ્તી ગણતરીની ઝીણવટભરી વિગતો પૂરી પાડવામાં આવી રહી છે. ખાસ કરીને આ વખતે ડિજિટલ ડેટા એન્ટ્રી અને ગણતરી દરમિયાન રાખવાની તકેદારીઓ અંગે ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન અપાઈ રહ્યું છે. વસ્તી ગણતરીની પ્રક્રિયા બે તબક્કામાં વહેંચાયેલી છે, જેમાં પ્રથમ તબક્કાની

શરૂઆત ૧ જૂનથી થશે અને તે ૩૦ જૂન સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન ગણતરીદારો ઘરે-ઘરે જઈને 'હાઉસ લિસ્ટિંગ' એટલે કે મકાનોની યાદી તૈયાર કરવાની પાયાની કામગીરી પૂર્ણ કરશે. આ વખતની વસ્તી ગણતરીમાં પરંપરાગત રીતને બદલે આધુનિક અને ડિજિટલ અભિગમ અપનાવવામાં આવ્યો છે. ગણતરીદારો દરેક પરિવારને કુલ ૩૪ જેટલા વિવિધ પ્રશ્નો પૂછીને સામાજિક અને આર્થિક વિગતો એકત્રિત કરશે. આ એકત્રિત કરવામાં આવેલી તમામ વિગતોને સ્થળ પર જ ડિજિટલ સાધનો દ્વારા નોંધવામાં આવશે, જેથી માહિતી સચોટ રહે અને ડેટા પ્રોસેસિંગની પ્રક્રિયા ઝડપી બને. ઝાલોદ વહીવટી તંત્ર દ્વારા તાલુકાના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, જ્યારે ગણતરીદારો તેમના આંગણે આવે ત્યારે તેમને પૂરો સહકાર આપે અને સાચી તથા ચોક્કસ વિગતો પૂરી પાડે, જેથી રાષ્ટ્રીય મહત્વના આ અભિયાનમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ ન રહી જાય.

### નદીની પ્રિ મોન્સૂન સફાઈના અભાવે ખેતરોમાં પાણી ભરાતા ખેડૂતોના મહામૂલા પાકને ભારે નુકસાન

## ગોધરાના પઢિયાર પંથકમાં વાંસળી નદીની તાત્કાલિક સાફ-સફાઈ કરવા ગ્રામજનોની માંગ

(પ્રતિનિધિ) ગોધરા, તા.13

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પઢિયાર, કરણના મુવાડા અને અંદરના મુવાડા ગામના સ્થાનિકોએ સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરી વાંસળી નદીની તાત્કાલિક પ્રિ-મોનસૂન સફાઈ કરવાની માંગ સાથે રજુઆત કરવામાં આવી છે. તંત્રની વર્ષોની બેદરકારીના કારણે નદીમાં ભરાયેલા કચરા અને ઝાડી-ઝાંખરાથી આગામી ચોમાસામાં જળબંબાકાર અને ભારે ખુવારીનો ભય સેવાઈ રહ્યો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, છેલ્લા ઘણા વર્ષોથી સફાઈ ન થતાં આશરે ૧.૦૨ કિલોમીટર લાંબા પટમાં અને ૧૬ એકરથી વધુ વિસ્તારમાં માટીના



પુરાણ અને જંગલી વનસ્પતિને કારણે નદીનો કુદરતી પ્રવાહ સંપૂર્ણ અવરોધાયો છે. પરિણામે, ચોમાસામાં પાણીનો નિકાલ ન થતાં તે પાછળ ધકેલાઈ અંદરના મુવાડા ગામના ઘરોમાં પ્રવેશે છે. ખેતરોમાં પણ લાંબા સમય સુધી પાણી ભરાઈ રહેવાથી ખેડૂતોનો મહામૂલો પાક કોહવાઈ જાય છે અને દર વર્ષે લાખો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવું પડે છે. અવરોધાયેલા પ્રવાહના કારણે ગંદા પાણીના ભરાવાથી વિસ્તારમાં ડેન્ગ્યુ-મેલેરિયા જેવા જીવલેણ રોગચાળાની દહેશત છે. જંગલ જેવી સ્થિતિ સર્જાતા મગર અને અજગર જેવા હિંસક જળચર પ્રાણીઓનો વસવાટ તેમજ અસામાજિક તત્વોનો ત્રાસ વધ્યો છે. ઉપરાંત, બડીયા દેવ મંદિર પાસે કચરાથી ભરાયેલું નાળું પણ દબાણના કારણે તૂટવાની અણી પર હોવાથી સ્થાનિકોને જીવના જોખમે પસાર થવું પડે છે.

## દાહોદ જિલ્લાનુ સુકાન સુરભી ગોતમના હાથમાં સોંપાયું

યોગેશ નિરગુડેની ગાઘીનગર જિલ્લા વહીવટી વડા તરીકે બદલી કરી દેવામાં આવી

(પ્રતિનિધિ) દાહોદ, તા.13

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના વહીવટી માળખામાં ધરખમ ફેરફાર કરતા 72 જેટલા આઈએએસ અધિકારીઓની સામૂહિક બદલીના આદેશો જારી કરવામાં આવ્યા છે. આ ફેરબદલ અંતર્ગત દાહોદ જિલ્લાના વહીવટી વડા લાંબા સમયથી દાહોદ જિલ્લામાં ફરજ બજાવતા કલેક્ટર યોગેશ નિર્ગુડેની બદલી ગાંધીનગર ખાતે એડિશનલ ડેવલપમેન્ટ કમિશનર તરીકે કરવામાં આવતા હવે દાહોદ જિલ્લાનુ સુકાન શ્રીમતી સુરભી ગોતમના હાથમાં સોંપાયું છે. દાહોદ જિલ્લા કલેક્ટર તરીકે ફરજ બજાવતા યોગેશ



નિર્ગુડેની બદલી ગાંધીનગર ખાતે એડિશનલ ડેવલપમેન કમિશનર તરીકે કરવામાં આવી છે. વહીવટી તંત્રમાં થયેલા આ ફેરફારને પગલે દાહોદ જિલ્લાના વિકાસ કાર્યો અને મહેસૂલી પ્રક્રિયામાં નવી ગતિ આવવાની શક્યતા જોવાઈ રહી છે. બીજી તરફ શ્રીમતી સુરભી ગોતમ હાલમાં નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનર વડોદરા તરીકે ફરજ બજાવી રહ્યાં હતા આ બદલીઓમા આમ દાહોદ જિલ્લાને પણ હાલ નવા કલેકટરશ્રી મળ્યા છે.

## સેવાકીય સુવાસ, ગીરના ગામડાઓમાં શિક્ષકોએ 'શેરી શિક્ષણ'નો રથ દોડાવ્યો

દાહોદના બે શિક્ષકોનું સન્માન

(પ્રતિનિધિ) દાહોદ, તા.13

પ્રાથમિક શિક્ષક સંઘ અને પૂજ્ય મોરારિબાપુના સૌ જન્યથી ગીર સોમનાથના તાલાલા તાલુકામાં 'અમે આવ્યા તમારે દ્વાર' કાર્યશાળાનું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય શિબિરમાં બાળકોના જીવનમાં શિક્ષણનો ઉજાસ ફેલાવનારા દાહોદ જિલ્લાના બે શિક્ષકોને 'ગિરનાર પ્રતિભાવંત એવોર્ડ' અને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા છે. દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ રાજ્યના ૧૪ જિલ્લાઓમાંથી ૨૬ જેટલા એવોર્ડ વિજેતા શિક્ષકોએ આ શિબિરમાં ભાગ લીધો હતો. જેમાં દાહોદ જિલ્લાના મુકેશભાઈ



નિનામા (થાળાલીમડી શાળા) અને રવિન્દ્રભાઈ પ્રજાપતિ (સાકરદા શાળા) એ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. તાલાલાના ચિત્રાવડ, ચિત્રોડ, ઘણેજ, હિરણવેલ અને સાગોદ્રા જેવા ગામોમાં શિક્ષકોએ શેરી એ-શેરી એ જઈ બાળકોને રમત-ગમત, પપેટ શો, જાદુઈ વિદ્યા અને બાળવાતાઓ દ્વારા મનોરંજન સાથે શિક્ષણ પૂરું પાડ્યું હતું. આ શિબિરની ખાસિયત એ હતી કે શિક્ષકોએ પોતાના સ્વ-ખર્ચે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. ગામડાના બાળકોને શૈક્ષણિક કીટ, બ્રશ, ટૂથપેસ્ટ, બિસ્કિટ અને ચપ્પલ જેવી ૧૫૦ હજારથી વધુની વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયત અને જીરઊ સભ્યોએ શિક્ષકોના આ પ્રશંસનીય કાર્યને બિરદાવ્યું હતું. રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ હરિભાઈ વાળાએ સાધકોને 'સત્ય, પ્રેમ અને કરુણા'ના માર્ગે ચાલવા પ્રોત્સાહન આપ્યું હતું.

### દાહોદ જિલ્લામાં જુદીજુદી જગ્યાએ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતોની હારમાળા

## અકસ્માતમાં ત્રણ બનાવોમાં એક મહિલા સહિત ત્રણના મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.13

વાહનચાલકોની ગફલત અને વાહનની ક્ષમતા કરતા વધુ પડતી ઝડપને કારણે દાહોદ જિલ્લામાં અલગ અલગ સમયે જુદી જગ્યાએ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતના ત્રણ બનાવોમાં એક મહિલા સહિત ત્રણ જણા કાળનો કોળિયો બન્યાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ જિલ્લામાં ગમખ્વાર અકસ્માતના સર્જાયેલા ત્રણ બનાવો પૈકીનો એક બનાવો દાહોદ શહેરના બહારપુરા ખાતે આઈ. સી આઈ. સી. આઈ બેંક આગળ રોડ પર સવારમાં સાડા અગિયાર વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં દાહોદ તાલુકાના ખરોડા ગામે નવાત્રા ફળિયામાં રહેતા નિલેશભાઈ રમણભાઈ પરમાર તેના કબજાની જીજે ૨૦ એક્સ-૦૦૯૧ નંબરની પીક અપ ટ્રક વાહનો તેમજ લોકોની ભારે અવર જવર હોવા છતાં પૂર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી ચાલતા જઈ રહેલા શહેરના ગોધરા રોડ સુજાઈબાગ ખાતેના ઈબ્રાહીમ એપાર્ટમેન્ટમાં રહેતા ૮૫ વર્ષીય સૈફુદીન કુરબાનહુસેન ગુલગુલા નામના વૃદ્ધને જોશભેર ટક્કર મારી પાડી દઈ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ તથા શરીરે ઓછી-વત્તી ઈજાઓ પહોંચાડી નાસી જતા સૈફુદીન ગુલગુલાનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ સંબંધે મરણ જનાર સૈફુદીન ગુલગુલાના દીકરા શબ્બીરભાઈ સૈફુદીન ગુલગુલાએ દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે પીકઅપ ટ્રકના ચાલક નિલેશભાઈ રમણભાઈ પરમાર વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લામાં ગમખ્વાર અકસ્માતનો બીજો બનાવ ગોવિંદગુરુ લીમડી તાલુકાના કંબોઈ ગામે રસ્તા પર

રાત્રિના સાડા નવ વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં એક ટ્રેક્ટર ચાલક તેના કબજાનું જીજે ૨૦ એચ-૭૩૯૪ નંબરનું ટ્રેક્ટર પૂર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી રૂપાખેડા ગામના ગડોર ફળિયા ના સભાભાઈ ઉર્ફે છલાભાઈ દલાભાઈ પરમાર જીજે ૨૦ ડબલ્યુ-૮૮૯૪ નંબરની રીક્ષામાં ડ્રાઈવર સીટની સાઈડમાં આગળના ભાગે બેઠેલ હોય જે રીક્ષાને જોશભેર ટક્કર મારી પોતાનું ટ્રેક્ટર લઈને નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં સભાભાઈ ઉર્ફે છલાભાઈ દલાભાઈ પરમારને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતા તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું જ્યારે રીક્ષામાં બેઠેલ સુશીલાબેન તાલુભાઈ પસાયાને જમણા હાથે ઈજાઓ થવા પામી હતી. આ સંબંધે મરણ જનાર સભાભાઈ પરમારની વિધવા પત્ની સુમિત્રાબેન પરમારે લીમડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા લીમડી પોલીસે આ સંદર્ભે ટ્રેક્ટરના ચાલક વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી

આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે જિલ્લામાં ગમખ્વાર અકસ્માતનો ત્રીજો બનાવ ઝાલોદ બાયપાસ હાઈવે પર રાત્રિના આઠેક વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં એક અજાણ્યા વાહન ચાલકે તેના કબજાનું વાહન પૂરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી સામેથી આવતી લીમખેડા તાલુકાના ચિલાકોટા ગામના જાગલા ફળિયામાં રહેતા ૨૫ વર્ષીય મેહુલભાઈ નરસુભાઈ ગણાવાની જીજે ૨૦ બીપી-૦૮૭૧ નંબરની મોટરસાયકલ ને જોશભેર ટક્કર મારી નાસી જતા મોટર સાયકલ ચાલક મેહુલભાઈ ગણાવાને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ થતા તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

### કાલોલ મામલતદારની ઓચિંતી કાર્યવાહી

## બોરુ ટર્નિંગ પાસેથી ગેરકાયદે લાકડા ભરેલો ટેમ્પો ઝડપાયો

(પ્રતિનિધિ) કાલોલ, તા.13

કાલોલ તાલુકામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે તંત્રનું સઘન ચેકિંગ યથાવત છે. આજે કાલોલ મામલતદાર વિકાસ પટેલ દ્વારા બોરુ ટર્નિંગ રોડ પરથી ગેરકાયદેસર રીતે લાકડાનું વહન કરતા એક ટેમ્પાને ઝડપી પાડી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ બોરુ ટર્નિંગ પાસેથી પસાર થઈ રહેલા ટેમ્પો નંબર જીજે -૦૯-ટી-૪૫૪૩ ને અટકાવી તપાસ કરવામાં આવતા તેમાં મોટા જથ્થામાં લાકડા ભરેલા મળી આવ્યા હતા. ટેમ્પો ચાલક પાસે લાકડાના વહન માટે જરૂરી



પાસ-પરમિટ કે કોઈ સત્તાવાર મંજૂરી ન હોવાનું જણાતા મામલતદાર વિકાસભાઈ પટેલે તાત્કાલિક ટેમ્પો કબજે કર્યો હતો. કબજે કરાયેલ ટેમ્પો હાલ કાલોલ મામલતદાર કચેરી ખાતે મુકવામાં આવ્યો છે. આ અંગે વન વિભાગ અને સંબંધિત વિભાગોને જાણ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી તેજ કરવામાં આવી છે. મામલતદારની આ ઓચિંતી કાર્યવાહીથી ગેરકાયદેસર લાકડાનું વહન કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા છે કે ક્યારેક 13-15 દિવસ માટે તો ક્યારેક બે-ત્રણ મહિના માટે ચાર્જ

## ઝાલોદ નગરપાલિકામાં 3 વર્ષથી ઈનચાર્જ ચીફ ઓફિસરનો જ વહીવટ, કાયમી નિમણૂંકની માંગ તેજ

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.13

દાહોદ જિલ્લાના ત્રણ નગરપાલિકા પૈકીની ઝાલોદ નગરપાલિકા છેલ્લા અંદાજે ત્રણ વર્ષથી કાયમી ચીફ ઓફિસર વિના જ ચાલી રહી હોવાનો મુદ્દો નગરમાં 'ટોક ઓફ ધ ટાઉન' બન્યો છે. નગરપાલિકામાં વારંવાર ઈનચાર્જ અથવા હવાલાના ચીફ ઓફિસર દ્વારા વહીવટ સંભાળવામાં આવતો હોવાના કારણે વિકાસકાર્યો અને દફ્તરી પ્રક્રિયાઓ પર અસર પડી રહી હોવાની ચર્ચા લોકમુખે ચાલી રહી છે.

મળતી માહિતી મુજબ, કાયમી ચીફ ઓફિસરની નિમણૂંક માટે વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરી સમક્ષ અનેક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજી સુધી કોઈ સ્થાયી ઉકેલ આવ્યો નથી. નગરપાલિકાના દૈનિક વહીવટમાં લગભગ 15 જેટલા વિભાગોમાં ચીફ ઓફિસરની સહી આવશ્યક હોવાને કારણે અનેક ફાઈલો અને કામો અટકતા હોવાની સ્થિતિ સર્જાઈ રહી છે. સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા છે કે ક્યારેક 13-15 દિવસ માટે તો ક્યારેક બે-ત્રણ મહિના માટે ચાર્જ સોંપી દેવાતા અધિકારીઓ દ્વારા 'મોબાઈલ પરથી' જ કામગીરી ચલાવવામાં આવતી હોય છે. પરિણામે નાગરિકોને વારંવાર નગરપાલિકાના ધક્કા ખાવા પડે છે અને કામગીરીમાં વિલંબ અનુભવાય છે. નગરપાલિકાની ચીફ ઓફિસરની ચેમ્બરમાં હજુ પણ અગાઉના ચીફ ઓફિસર તરીકે યોગેશ ગણાત્રાનું નામ દર્શાતું હોવાનું જણાવાય છે, જ્યારે હાલ દિપસિંહ હઠીલા ઈનચાર્જ તરીકે વહીવટ સંભાળી રહ્યા હોવાની માહિતી સામે આવી છે. તેઓ દાહોદ ખાતે બેસીને જ ઝાલોદ નગરપાલિકાના કાર્યો નિભાવી રહ્યા હોવાને કારણે નાગરિકોને સ્થળ પર યોગ્ય માર્ગદર્શન ન મળતું હોવાની ફરિયાદો ઉઠી છે. નગરજનોમાં એક જ પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે–ઝાલોદને ક્યારે મળશે કાયમી ચીફ ઓફિસર? સમગ્ર જિલ્લામાં એક જ અધિકારી દ્વારા ત્રણ નગરપાલિકાનો વહીવટ સંભાળવાની સ્થિતિને લઈને પણ સવાલો ઉઠી રહ્યા છે. નગરના વિકાસકાર્યો ગતિમાન બને અને દફ્તરી પ્રક્રિયાઓ સુગમ બને તે માટે કાયમી ચીફ ઓફિસરની તાત્કાલિક નિમણૂંક થાય તેવી માંગ તેજ બની છે.

### ફતેપુરા-સુખસર તાલુકામાં ભ્રષ્ટાચારના આક્ષેપો, પ્રજામાં રોષ

## ગ્રામ પંચાયતોમાં લાખોની ગેરરીતિના મામલે કાર્યવાહી નહીં થતાં વહીવટી તંત્ર પર સવાલો

(પ્રતિનિધિ) સુખસર, તા.13

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ એન.આર.જી યોજના, કિસાન નિધિ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, તાલુકા કચેરીમાંથી ચેક ચોરીના બનાવો તેમજ 15મા નાણાપંચની ગ્રાન્ટમાં ગેરરીતિ જેવા અનેક મુદ્દાઓ અગાઉ સામે આવી ચૂક્યા છે. છતાં સંડોવાયેલા જવાબદારો સામે માત્ર સામાન્ય કાર્યવાહી કરીને મામલો દબાવી દેવામાં આવતો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ખાસ કરીને સુખસર તાલુકાની કેટલીક ગ્રામ પંચાયતો સામે 15મા નાણાપંચની ગ્રાન્ટમાં લાખો રૂપિયાની ગેરરીતિના આક્ષેપો છેલ્લા દોઢ વર્ષથી ચર્ચામાં




છે. ગ્રામજનોએ અનેકવાર રજૂઆતો કર્યા બાદ તાલુકા અને જિલ્લા કક્ષાએ તપાસ પણ હાથ ધરાઈ હોવાનું કહેવાય છે. કેટલાક સ્થળોએ કામ માત્ર કાગળ ઉપર દર્શાવી નાણાં ઉપાડી લેવાયા હોવાના આક્ષેપો જમીન સ્તરની તપાસમાં સામે આવ્યા હોવાની ચર્ચા છે. છતાં અત્યાર સુધી કસૂરવારો સામે કોઈ દૃઢ કાર્યવાહી હાથ ધરાઈ નથી. સ્થાનિક નાગરિકોનો આક્ષેપ છે કે, "તપાસમાં ગેરરીતિ બહાર આવતી હોવા છતાં જવાબદાર અધિકારીઓ કયા સંબંધથી આવા તત્વોને બચાવી રહ્યા છે?" આ મુદ્દે લોકોમાં ભારે ચર્ચા ચાલી રહી છે. તાજેતરમાં ફતેપુરા ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા એક વીસીઈ કર્મચારી દ્વારા જન્મનો દાખલો આપવા માટે નિયત ફી કરતાં વધુ રૂપિયા વસૂલવાનો વીડિયો વાયરલ થયો હતો.

રૂપિયા 50ની જગ્યાએ રૂપિયા 200 લેવામાં આવતા મામલો બહાર આવતા સંબંધિત કર્મચારીને તાત્કાલિક ફરજ પરથી દૂર કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહીનું લોકો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. તે જ રીતે અગાઉ કરોડીયા ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા ગડા પ્રાથમિક શાળાના જૂના કોટના નામે અંદાજે રૂ.1.60 લાખની ઉચાપત કરવાના મામલે સરપંચને પદ પરથી હટાવવામાં આવ્યા હતા.